GJAM010002372026

દાખલ તારીખ :- ૨૩/૦૨/૨૦૨૬
નોંધ્યા તારીખ :- ૨૩/૦૨/૨૦૨૬
ફેંસલ તારીખ :- ૨૭/૦૨/૨૦૨૬
સમય :- વર્ષ, માસ, દિવસ
**૦૦ ૦૦ ૦૪**

**અમરેલી જીલ્લાના સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં, મુકામ – અમરેલી.**

**ફો.પ.અ.નં.૯૫/૨૦૨૬**
**આંક –**

**અરજદારો :-** (૧) **ગોપાલભાઇ વિનુભાઇ ઉર્ફે નાનો ખાવડીયા ઉર્ફે સાવલીયા,**
ઉ.વ.૨૦, ધંધો – મજુરી,
રહે.વેલનાથપરા, કોઠારીયા રોડ,
હુડકો ચોકડી, રાજકોટ.
હાલ – જીલ્લા જેલ, અમરેલી.

(૨) **સુમીતભાઇ હકુભાઇ ખાવડીયા ઉર્ફે સાવલીયા,**
ઉ.વ.૧૮, ધંધો – મજુરી,
રહે.ધોબીઘાટ, ગારીયાધાર.
હાલ – જીલ્લા જેલ, અમરેલી.

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **શ્રી સરકાર**
(નોટીસ થ્રુ સરકારી વકીલશ્રી, અમરેલી.)

અરજદારો તરફે વિ.વ.શ્રી : જે.પી.ત્રિવેદી
સામાવાળા શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી : જે.બી.રાજગોર

**અરજ :- ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા બાબત**

**-: ઠ રા વ :-**

**૧.** આ કામના અરજદારોએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે **વડીયા પો. સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૬૦૨૫૦૨૯૫/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ –**

Sessions Judge
Amreli.

**૧૦૩(૧), ૧૯૦, ૧૯૧(૧), ૧૯૧(૨), ૧૯૧(૩), ૬૧(૨)(એ), ૩૫૨, ૩૫૧(૩)** મુજબના ગુન્હાના કામે હાલની અરજી કરેલ છે.

**૨.** આ કામે અરજદાર/આરોપીઓ વિરૂધ્ધની ફરીયાદપક્ષની ટુંક વિગતોને ધ્યાને લેતાં, આ કામના ફરીયાદીના કાકા મરણજનાર દિનેશભાઇ નાઓને તેની પત્ની સાથે ઝઘડો થયેલ હોય અને પોતાના ઘરેથી નીકળી ગયેલ હોય તે દરમ્યાન તા.૧૧/૧૧/૨૦૨૫ ના રોજ સાંજના સાડા છએક વાગ્યાના સમયે ફરીયાદીના રહેણાંક મકાને મરણજનાર સાથે સમાધાન કરવાના બહાને આરોપી નં.૧ કાનજીભાઇ જેરામભાઇ સાવલીયા તથા આરોપી નં.૨ હકુભાઇ જેરામભાઇ સાવલીયાનાઓ મરણજનાર પાસે આવેલ અને તેઓ વચ્ચે બોલાચાલી થતાં આરોપી નં.૨ નાએ તમામ આરોપીઓને ફોન કરી ત્યાં બોલાવતા આરોપી નં.૪ બાઘાભાઇ જેરામભાઇ સાવલીયાના હાથમાં લોખંડનો પાઇપ તેમજ આરોપી નં.૫ જાદવ જેરામભાઇ સાવલીયાના હાથમાં લોખંડની કુહાડી લઇ આવી તમામ આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી એકસંપ કરી અને મરણજનારને જાનથી મારી નાંખવાનુ નકકી કરી અને ફરીયાદીના રહેણાંક રૂમની અંદર આવી અને આરોપી નં.૮ ભરતભાઇ જાદવભાઇ સાવલીયાનાએ પોતાના હાથમાં લોખંડનો પાઇપ લઇ અને મરણજનારના માથાના ભાગે મરણતોલ પ્રથમ ઘા મારતા મરણજનાર જમીન પર પડી જતા તુર્તજ આરોપી નં.૨ હકુભાઇનાએ મરણજનારને પકડી રાખતા આરોપી નં.૯ ગોપાલભાઇ વિનુભાઇ ઉર્ફે નાનો સાવલીયા **(હાલના અરજદાર/આરોપી નં.૧)** નાએ પોતાના હાથમાં લોખંડની કુહાડી લઇ અને તે કુહાડી વડે મરણજનારના પગના ભાગે જોરજોરથી ઘા મારેલ અને ત્યારબાદ આરોપી નં.૪ બાઘાભાઇ જેરામભાઇ સાવલીયાનાએ પોતાના હાથમાં લોખંડનો પાઇપ લઇ મરણજનારના માથાના ભાગે ઘા મારેલ અને ત્યારબાદ આરોપી નં.૭ લખનભાઇ જાદવભાઇ સાવલીયાનાએ પોતાના હાથમાં લોખંડનો પાઇપ લઇ મરણજનારના મોઢા તથા હાથના ભાગે માર મારેલ તેમજ આરોપી નં.૩ વિનુભાઇ ઉર્ફે નાનો જેરામભાઇ સાવલીયાનાએ

પોતાના હાથમાં લોખંડની કુહાડી લઇ મરણજનારના પગના ભાગે જોરજોરથી ઘા મારેલ અને ત્યારબાદ આરોપી નં.૬ સંજયભાઇ બાઘાભાઇ સાવલીયાએ પોતાના હાથમાં લોખંડની કુહાડી લઇ મરણજનારના પગના ભાગે જોરજોરથી ઘા મારેલ અને ત્યારબાદ આરોપી નં.૧૦ સુમીતભાઇ હકુભાઇ સાવલીયા **(હાલના અરજદાર/આરોપી નં.૨)** નાએ પોતાના હાથમાં લોખંડની કુહાડી લઇ મરણજનારના પગના ભાગે ઘા મારેલ અને મરણજનાર બેભાન થઇ જતાં આરોપી નં.૨ હકુભાઇએ પોતાના હાથમાં લોખંડની કુહાડી લઇ મરણજનારના પગના ભાગે જોરજોરથી ઘા મારેલ એ રીતે તમામ આરોપીઓએ વારા ફરતી પોતાના હાથમાં લોખંડનો પાઇપ લઇ મરણજનારના શરીરે માર મારેલ તેમજ તમામ આરોપીઓએ વારા ફરતી પોતાના હાથમાં લોખંડની કુહાડી લઇ મરણજનારના બંને પગના ભાગે જોરજોરથી ઘા મારી મરણજનારના બંને પગ ઘુંટી ઉપરથી કાપી નાંખી અને તેના શરીરથી અલગ કરી નાંખી અને કુરતાપુર્વક માર મારી ગાળો આપી અને મરણજનારને કહેલ કે, આજે અમારી દેવીના ફળા બાબતેનુ વેર પુરુ થયુ તેક મહી ગુનાહીત કાવતરુ પાર પાડી તેમજ આરોપી નં.૩ વિનુભાઇ ઉર્ફે નાના જેરામભાઇ સાવલીયાનાઓ જતા જતા ફરીયાદીને કહેતા ગયેલ કે, તુ કોઇને આ બનાવ અંગે વાત કરીશ તો આ દિનેશનુ કર્યુ તેવુ તારુ પણ નાખશુ તેવી મારી નાંખવાની ધમકી આપી મરણજનારનુ મોત નીપજાવી ગુન્હો આચરેલ હોવાના આક્ષેપો છે.

૩. સામાવાળાને નોટીસ કરતાં બજી જતાં સામાવાળા શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી જે.બી.રાજગાર હાજર થયેલ છે અને હાલની અરજીનો પ્રતિકાર કરવા માટે તપાસ કરનાર અધિકારીશ્રીનુ સોગંદનામું આંક-૫ થી રજુ કરેલ છે.

૪. અરજદાર/આરોપીઓ તરફે વિ.વ.શ્રી જે.પી.ત્રિવેદીની રજુઆત છે કે, અરજદાર/આરોપીઓ નિર્દોષ છે. તેઓએ કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. અરજદારોનો કહેવાતા ગુના કામે કોઇ રોલ નથી.



District & Sessions Court * Amreli * सत्यमेव जयते

ફરીયાદની હકીકત ધ્યાને લેવામાં આવે તો ફરીયાદમાં આરોપી નં.૧ થી ૫ તેમજ અજાણ્યા ૩ આરોપી જણાવેલ છે તેમ છતાં પોલીસે એફ.આઇ.આર. ની વિગત અનુસાર આઠ આરોપીઓ હોવા છતાં ખોટી રીતે ઓળખ પરેડ કરાવીને અરજદારોને કહેવાતા ગુનામાં કોઇ હાજરી ન હોવા છતાં આરોપી નં.૯ અને ૧૦ તરીકે ખોટી રીતે સંડોવી દીધેલ છે. અરજદારોના નામો પણ એફ.આઇ.આર. માં જણાવેલ નથી. અરજદારોનો કોઇ ગુનાહીત ઈતિહાસ નથી. વધુમાં જણાવેલ છે કે, અરજદારો તેમના કુટુંબમાં એકમાત્ર કમાનાર વ્યકિત છે અને જો તેઓને વધુ સમય જેલમાં રહેવુ પડે તો તેમના કુટુંબને ભુખે મરવાનો વારો આવે તેમ છે. અરજદાર નં.૧ રાજકોટ, મુળ રહે.વડીયા તથા અરજદાર નં.ર ગારીયાધારના રહેવાસી હોય અને સ્થવાર તથા જંગમ મિલકત ધરાવે છે. તેઓ કયાંય નાસી ભાગી જાય તેમ નથી. તેઓ ટ્રાયલ સમયે હાજર રહેશે અને અદાલત ફરમાવશે તે શરતોનુ પાલન કરશે. ફરીયાદપક્ષના સાહેદોને લાલચ, ધાકધમકી, પ્રલોભન આપશે નહી કે પુરાવા સાથે ચેડા કરશે નહી. જેથી નામ. કોર્ટને યોગ્ય લાગે તે શરતોએ અરજદાર/આરોપીઓને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

District & Sessions Court
सत्यमेव जयते
* Amreli *

૫. સામાવાળા શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી જે.બી.રાજગોરની રજુઆત છે કે, આ કામના મરણજનારનુ મોત નીપજાવવા સારુ હાલના અરજદાર/આરોપીઓ તથા અન્ય તમામ આરોપીઓએ એકસંપ થઇ અને મરણજનારને આડેધડ ઘા મારી બંને પગ કાપી અને શરીરથી અલગ કરી નાંખી અને લોખંડના પાઇપ વડે આડેધડ મારી ફરીયાદી તથા ફરીયાદીની દિકરી સાહેદની હાજરીમાં કોઇ પણ પ્રકારના ભય વગર આવી ક્રુર હતયા કરી નાંખેલ હોય તેવુ તપાસમાં ફલીત થઇ આવેલ છે. આ કામના ફરીયાદી તથા તેની દિકરી (સાહેદે) સદર ગુન્હો પોતાની નજર સમક્ષ જોયેલ હોય અને સદર ગુન્હામાં હાલના અરજદાર/આરોપીઓની પ્રત્યક્ષ હાજરી ગુન્હાવાળી જગ્યાએ હોય તેવુ પણ તપાસ દરમ્યાન ફલીત થઇ આવેલ છે. વધુમાં આરોપીઓએ સદર ગુન્હાને અંજામ આપ્યા બાદ ફરીયાદીના ઘરની બહાર

આવી આરોપી નં.૯ ના પિતા અને આરોપી નં.૩ નાએ ફરીયાદીને કહેલ કે, ''તુ આ કોઇને કહેતી નહી નકર તારુ પણ આમ'' તેમ કહી ધમકી આપેલ હોય જો આરોપીઓને જામીન મુકત કરવામાં આવે તો ફરીયાદી તથા ફરીયાદીની દિકરી સાહેદને જીવનુ જોખમ હોય આરોપીઓ ફરીયાદી/ સાહેદને ડરાવી ધમકાવી સદર ગુન્હાના કેસને ન્યાયીક નુકસાની જાય તેવુ કૃત્ય કરાવી શકે તેમ હોય તેમજ સમાજમાં આવા પ્રકારના ગુન્હાઓ ઉપર કોઇ અંકુશ રહે નહી અને આરોપીઓને કાયદાનો કોઇ ડર રહે નહી તેમજ આરોપી નાસી ભાગી જાય અને ટ્રાયલ વખતે હાજર ન રહે તેવી પણ શકયતા રહેલી છે જેથી ઉપરોકત તમામ હકીકત નજરે પ્રથમ દર્શનીય ગંભીર ગુન્હા કામની સંડોવણી ધ્યાને લેતાં અરજદાર/આરોપીઓની રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની અરજી નામંજુર કરવા દલીલ કરેલ છે.

૬. હાલની આ જામીન અરજીના કામે મુળ ફરીયાદીએ તેમના વિ.વ.શ્રી મારફત હાજર થઇ આંક-૭ થી સોગંદનામું રજુ કરેલ છે. તેમાં તેઓએ આ કામે તેઓ ધ્વારા હાલની ફરીયાદ નોંધાવવામાં આવેલ છે. તેઓ ફરીયાદી કાયદાથી અજાણ અને અજ્ઞાન હોય તેમની જે તે સમયે સદર ફરીયાદ સંબંધે તેમના સગા સબંધીઓ સાથે હોય અને તેઓ ફરીયાદીએ ફરીયાદ લખાવેલ નહી પરંતુ તેમના સગા સબંધીઓએ ફરીયાદ લખાવેલ અને તૈયાર ફરીયાદમાં તેમની સહી કરાવવામાં આવેલ તેમજ સદર કામે જે ઓળખપરેડ કરાવવામાં આવેલ તે પહેલા પણ આ કામના અરજદારો પોલીસ સ્ટેશને હાજર હોય તેથી તેઓને તે આરોપીઓ અગાઉથી બતાવીને પોલીસ ધ્વારા ઓળખી બતાવવાનુ જણાવી ત્યારબાદ ઓળખપરેડ કરાવવામાં આવેલ છે. આ કામના અરજદારોએ ફરીયાદ મુજબના ગુનામાં કોઇ ભાગ લીધેલ હોય તેવુ તેમની જાણકારીમાં નથી તેમજ પોલીસને પણ તેઓ ફરીયાદીએ અરજદારોએ ગુનામાં ભાગ લીધેલ હોય તેવુ કયારેય જણાવેલ નથી અને ઓળખ પરેડની પ્રક્રિયા તેઓ ફરીયાદીને અંધારામાં રાખીને કરવામાં આવેલ હોવાની જણાવેલ છે.

Sessions Judge
Amreli.

District & Sessions Court * Amreli * सत्यमेव जयते

૭. હાલની આ જામીન અરજીના કામે ઉભય પક્ષ તરફે થયેલ રજુઆત, તપાસ કરનાર અમલદારશ્રીનુ આંક–૫ થી રજુ સોગંદનામું તથા મુળ ફરીયાદીએ આંક–૭ થી રજુ કરેલ સોગંદનામું તથા તપાસના કાગળો ધ્યાને લેતાં, સદર ગુન્હો ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૦૩(૧) મુજબનો ગંભીર પ્રકારનો માનવ હત્યાનો બનાવ છે. જેમાં આરોપીઓએ તમામે એકસંપ થઈ મરણજનાર દિનેશભાઈને લોખંડના પાઈપ અને કુહાડી વડે ક્રુરતાપુર્વક માર મારી તેમના બંને પગ કાપી નાંખેલ હોવાની હકીકત ફરીયાદમાં જણાય આવે છે. હાલના આરોપીઓના નામ ફરીયાદમાં જણાવેલ નથી. પરંતુ ફરીયાદીએ પોલીસ તપાસ દરમ્યાન એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રુબરુ થયેલ ઓળખ પરેડમાં હાલના આરોપીઓને ઓળખી બતાવેલ છે. તેથી ફરીયાદની હકીકત અને તપાસના કાગળો જોતાં હાલના અરજદાર/આરોપીઓએ ગુનાહીત કૃત્યમાં સક્રીય ભુમિકા ભજવેલ હોવાનુ રેકર્ડ ઉપર જણાય આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુળ ફરીયાદીએ હાલના કામે તેમના વિ.વ.શ્રી મારફત હાજર થઈ સોગંદનામું રજુ કરેલ છે. જેમાં આરોપીઓને અગાઉથી પોલીસે બતાવેલ હોવાથી ઓળખી બતાવેલ હોવાનુ જણાવેલ. હાલના અરજદાર/આરોપીઓએ ફરીયાદ મુજબના ગુનામાં કોઈ ભાગ ભજવેલ ન હોવાનુ જણાવેલ છે. જેને ફરીયાદની હકીકત સાથે જોવામાં આવે તો ફરીયાદીએ તેની ફરીયાદમાં મરણજનાર દિનેશભાઈ તેના માવતર પક્ષના દુરના કાકા થતા હોવાનુ જણાવે છે અને તેથી ફરીયાદીએ હાલની જામીન અરજીના કામે તેમના વકીલશ્રી મારફત હાજર થઈ જે સોગંદનામું રજુ કરેલ છે તે ધ્યાને લેતાં હાલના કામમાં આરોપીઓ જામીન મુકત થયેલ ન હોવા છતાં ફરીયાદપક્ષના સાહેદોની સાથે છેડછાડ કરી તેમને ફોડવાની કોશીશ કરતા હોવાનુ નકારી શકાય તેમ નથી અને તેથી પણ હાલના કેસમાં જે રીતે બનાવને અંજામ આપવામાં આવેલ છે તે હકીકત જોતાં ગુનાની ગંભીરતા તથા આરોપીઓની વર્તણુક ધ્યાને લેતાં તેમજ સદર ગુન્હા કામની એફ.આઈ.આર. જોવામાં આવે તો તેમાં ત્રણ આરોપીઓને અજાણ્યા ઈસમો તરીકે દર્શાવેલ છે અને ફરીયાદની હકીકત જોવામાં આવે તો તેમાં ફરીયાદીએ

District & Sessions Court * Amreli * सत्यमेव जयते

તેમના રહેણાંક મકાને કાનજીભાઇ જેરામભાઇ સાવલીયા તથા હકુભાઇ જેરામભાઇ સાવલીયા તથા નાનો જેરામભાઇ સાવલીયા તથા બાઘો જેરામભાઇ સાવલીયા તથા જાદવ જેરામભાઇ સાવલીયા અને બીજા અજાણ્યા ત્રણ જુવાન માણસો સહિતના લોકો આવેલા હોવાની હકીકત જણાવેલ હોય અને હાલની જામીન અરજીના કામે પણ અરજદાર/આરોપીઓ પૈકી આરોપી નં.૧ ગોપાલભાઇએ તેમની ઉંમર ૨૦ વર્ષ અને આરોપી નં.ર સુમીતભાઇએ તેમની ઉંમર ૧૮ વર્ષ દર્શાવેલ છે તે હકીકત પણ ધ્યાને લેતાં હાલના અરજદાર/આરોપીઓને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે ન્યાયીક વિવેક બુધ્ધિની સતા વાપરવા માટેનો ફીટ કેસ જણાતો ન હોય અરજદાર/ આરોપીઓની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની અરજી કાયદેસર ગ્રાહય રાખવાપાત્ર ન હોય તેથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: <u>હુકમ</u> :-**

(૧) અરજદાર/આરોપીઓ **(૧) ગોપાલભાઇ વિનુભાઇ ઉર્ફે નાનો ખાવડીયા ઉર્ફે સાવલીયા તથા (૨) સુમીતભાઇ હકુભાઇ ખાવડીયા ઉર્ફે સાવલીયા** નાઓની **વડીયા પો. સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૬૦૨૫૦૨૯૫ /૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૦૩(૧), ૧૯૦, ૧૯૧(૧), ૧૯૧(૨), ૧૯૧(૩), ૬૧(૨)(એ), ૩૫૨, ૩૫૧(૩)** મુજબના ગુના સબબ **બી.એન.એસ.એસ. ની કલમ – ૪૮૩** અન્વયેની રેગ્યુલર જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૨૭ મી** માહે **ફેબ્રુઆરી** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ :– ૨૭–૦૨–૨૦૨૬
અમરેલી.

**(રીઝવાના બુખારી)**
**સેશન્સ જજ,**
**અમરેલી.**
Judge Code GJ00916

Sessions Judge
Amreli.

District & Sessions Court * Amreli *
सत्यमेव जयते